# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/241 Dt. 11/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા આયોજિત ટેક્ષ્ટાઇલ પર્વનું સમાપન, સાતમા દિવસે CMAIના નિષ્ણાત વક્તાઓએ સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને ગારમેન્ટમાં પરિવર્તિત કરવા પ્રોત્સાહિત કર્યો

## સુરતમાં ગારમેન્ટ માટે બધું જ છેઃ શ્રી સંતોષ કટારિયા

### ટેક્ષ્ટાઇલમાંથી નીકળો નહીં, નવી પેઢીને ગારમેન્ટ તરફ વાળોઃ શ્રી રોહિત મહેતા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પર્વના અંતિમ દિવસે સોમવાર, તા. ૮ ડિસેમ્બરે મુખ્ય વકતાઓ અને મુખ્ય અતિથિ તરીકે ક્લોથિંગ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા (CMAI)ના ચેરમેન શ્રી સંતોષ કટારિયા તથા મેન્ટર શ્રી રાહુલ મહેતાએ ભારતીય એપેરલ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ, પડકારો અને વૈશ્વિક બજારમાં તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે સુરત ઘણી આફતો છતાં ઝડપથી ફરી બેઠું થાય છે. સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગે ઘણી પ્રગતિ કરી છે પણ એપેરલમાં હજી ઘણું કરવાનું બાકી છે.

સી.એમ.એ.આઈ., મુંબઈના ચેરમેન શ્રી સંતોષ કટારિયાએ સુરતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીની તકો વિશે બોલતા કહ્યું કે, સમગ્ર ભારતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે સુરત જેવું પ્લેટફોર્મ નથી, અહીં આ ઉદ્યોગ બહુ મોટા પાયે વિકસી શકે છે. લેબર, રો–મટીરિયલ, લોજિસ્ટિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર બધું જ અહીં છે. છતાં મને નવાઈ લાગે છે કે સુરતમાં ગાર્મેન્ટ ઉદ્યોગ કેમ ખીલ્યો નથી. તેમણે ગારમેન્ટ માટે ફ્રન્ટ એન્ડ માર્કેટિંગ, ઈ–કોમર્સ, ઈબીઓ, સીએમએઆઈ બીટુબી વગેરે સેલ્સ ચેનલમાં રહેલી તકો વિશે વિગતે વાત કરી હતી.

તેમણે કહ્યું કે એક વાર બ્રાન્ડ બની જાય પછી સોશિયલ મીડિયા થકી ઝડપથી દેશભરમાં પહોંચી શકાય છે. આથી ગારમેન્ટમાં સ્કોપ અમર્યાદિત છે, જબરદસ્ત તકો રહેલી છે. ભારતનું બજાર પણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે અને રેડીમેડ કપડાંનો ટ્રેન્ડ ખૂબ વધ્યો છે.

સી.એમ.એ.આઈ., મુંબઈના મેન્ટર શ્રી રાહુલ મહેતાએ કહ્યું કે ગારમેન્ટ માટે ટેક્ષ્ટાઈલ આખરે રો મટીરિયલ છે, એટલે સુરત જો ગારમેન્ટ બનાવે તો કેટલું મોટું વેલ્યુ એડિશન થાય. ટેક્ષ્ટાઇલમાંથી નીકળવા કોઈ કહેતું નથી, એને તો મજબૂત કરવું જ જોઇએ, પણ વિસ્તરણ અને વૈવિધ્ય ખૂબ જરૂરી છે. નવી પેઢીને ગારમેન્ટમાં આવવા દો. તેમણે ગારમેન્ટમાં પ્રોડકિટવિટી અને ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકયો હતો.

ચેમ્બરના માનદ્‌ ખજાનચી સીએ શ્રી મિતિષ મોદીએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્ર કાજીવાલા તથા શ્રી ઈન્દ્રવદન, ઉદ્યોગકારો અને વ્યવસાયિકો સેમિનારમાં હાજર રહ્યા હતા. જી.એફ.આર.આર.સી.ના કો–ચેરમેન શ્રી અતુલ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમના અંતે બંને વકતાઓએ શ્રોતાઓના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.